ભાવનગર જિલ્લાની પીપરળી ખાતેની સરકારી માધ્યમિક શાળાને બોટાદ જિલ્લાની હડદડ મુકામે તબદીલ કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: સમશ-૧૦૧૮-૮૬(૧)-ગ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૨૫/૦૨/૨૦૧૯

નોં. ક્ર.: ફ્રિ. ૮૭
શાખા:
25 FEB 2019
121461
શિક્ષણ વિભાગ
નવા સચિવાલય, ગાંધીનગર

વંચાણે લીધા -:

(૧) શિક્ષણ વિભાગનો તારીખ ૧૪/૦૮/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: સમશ-૧૦૧૮-૮૬-ગ.૧

(૨) કમિશનરશ્રી, શાળાઓની કચેરીનો તારીખ ૨૯/૦૮/૨૦૧૮નો પત્રક્રમાંક: ઘ/માધ્ય/ઘ.૧/૨૦૧૮/૧૭૮૦૯.

(૩) કમિશનરશ્રી,શાળાઓની કચેરીનો તારીખ ૨૩/૦૧/૨૦૧૯નો પત્રક્રમાંક: ઘ/માધ્ય/ઘ.૧/૨૦૧૯/૨૧૦૨.

ઠરાવ -:

શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) સામેના તારીખ ૧૪-૮-૨૦૧૮ ના ઠરાવથી રાજ્યમાં બિન આદિજાતિ વિસ્તારની ૮૬ અને આદિજાતિ વિસ્તારની ૧૭ એમ કુલ-૧૦૩ સરકારી માધ્યમિક શાળાઓ શરૂ કરવાની મંજુરી આપવામાં આવેલ છે. સદરહુ ઠરાવ સાથેના પરિશિષ્ટ-૧ ના ક્રમ-૨૭ થી ભાવનગર જિલ્લાના શિહોર તાલુકાના પીપરળી ગામે સરકારી શાળા શરૂ કરવાની મંજુરી આપવામાં આવેલ છે.

પીપરળી ગામે શરૂ કરવામાં આવેલ સરકારી માધ્યમિક શાળામાં વિધાર્થી સંખ્યા ન મળવાના કારણોસર તથા સદરહુ ગામના સરપંચ દ્વારા ગામમાં બીજી ગ્રાન્ટ ઇન એઇડ શાળા આવેલી હોવાથી ગામમાં સરકારી માધ્યમિક શાળાની જરૂરીયાત ન હોઇ, જરૂરીયાતવાળા અન્ય સ્થળે આ શાળા તબદીલ કરવા રજુઆત કરેલ. જેના અનુસંધાને કમિશનરશ્રી, શાળાઓની કચેરીએ વંચાણે લીધા ક્રમાંક (૩) સામે દર્શાવેલ તારીખ ૨૩/૦૧/૨૦૧૯ ના પત્રથી ભાવનગર જિલ્લાના શિહોર તાલુકાના પીપરળી ગામે મંજુર થયેલ શાળાને ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના તણસા ગામે તબદીલ કરવા દરખાસ્ત કરેલ હતી. સાથોસાથ બોટાદ જિલ્લાના હડદડ ગામે સરકારી માધ્યમિક શાળા શરૂ કરવા અંગેની ગ્રામજનોની રજુઆતને ધ્યાને લઇ કમિશનરશ્રી શાળાઓની કચેરીએ વંચાણે લીધા ક્રમાંક (૨) સામેના તારીખ ૨૯/૦૮/૨૦૧૮ ના પત્રથી હડદડ ગામે સરકારી માધ્યમિક શાળા શરૂ કરવા બાબતે દરખાસ્ત કરેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે, વંચાણે લીધા ક્રમાંક (૧) સામેના શિક્ષણ વિભાગના તારીખ ૧૪/૦૮/૨૦૧૮ ના ઠરાવ સાથેના પરિશિષ્ટ-૧ ના ક્રમ-૨૭ થી ભાવનગર જિલ્લાની શિહોર તાલુકાના પીપરળી ગામે શરૂ કરવામાં આવેલ શાળાને તબદીલ કરીને બોટાદ જિલ્લાના બોટાદ તાલુકાના હડદડ ગામે શરૂ કરવાની મંજુરી આપવામાં આવે છે.

ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના તણસા ગામ ખાતે જો શાળાની જરૂરીયાત હોય તો આગામી નાણાકીય અંદાજપત્રમાં તે અંગેની વિગતવાર દરખાસ્ત કરવા અંગેની કાર્યવાહી કમિશનરશ્રી, શાળાઓની કચેરીએ કરવાની રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર માન. મંત્રીશ્રી(શિક્ષણ)ની તારીખ ૧૧/૦૨/૨૦૧૮ ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સુબોધ જોષી)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (પ્રા. અને મા.શિ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (કમિશનરશ્રી શાળાઓની કચેરી મારફત)
- સંબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રી (કમિશનરશ્રી શાળાઓની કચેરી મારફત)
- સચિવશ્રી, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- બજેટ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી/સિલેક્ટ ફાઈલ.